# બી.કોમ.સેમ =૨
# ધ્દ્વિનોંધી નામાપધ્ધ્તિ =૨

## રોકાણોના હિસાબો

ડો . મુકેશ પટેલ
**શ્રી એમ.બી .કોલેજ ઓફ કોમર્સ એન્ડ શ્રી જી .એમ.એન લાલજી આર્ટસ કોલેજ , દેહગામ.**

# અર્થ

ધંધામાં ફાજલ નાણાં અથવા બચતોનું  રોકાણ સરકારી અથવા બિનસરકારી જામીનગીરીયો કરવામાં આવે છે. આ રોકાણ કરવા પાછરનો ઉદ્દેશ નિયમિત આવક મેળવવાનો હોય છે.

આવાં રોકાણો બે પ્રકારના હોય છે.

(૧) ટૂંકાગાળાનું રોકાણ

(૨) લાંબાગળાનું રોકાણ

તેવીજ રીતે જામીનગીરીયો  પણ બે પ્રકારની હોય છે.

(૧) નિશ્ચિત આવક આપતી જામીનગીરીયો

(૨) અનિશ્ચિત આવક આપતી જામીનગીરીયો

# કેટલાક શબ્દ પ્રયોગો નો અર્થ

દાર્શનિક કિંમત ( મૂળ કિંમત )
( Face  Velue )

ખરીદેલ જામીનગીરી ની મૂળકિંમત તેના પર છાપેલી હોત છે તેને દાર્શનિક કિંમત કહેવાય છે.

દા.ત . એક કંપની નો રૂ . ૧૦નો એક શેર ખરીદીએ તો તે શેરની દાર્શનિક કિંમત રૂ. ૧૦ કહેવાય

# મૂડી કિંમત કે પડતર કિંમત (Capital Value or Cost Price )

શેર ખરીદવા માટે આપણે જે કિંમત ચૂકવીએ તે વત્તા તેના પરના ખર્ચ સહીત જે રકમ આવે તેને મૂડી કિંમત કે પડતર કિંમત કહેવાય .

દા.ત . રૂ ૧૦ ની મૂળ કિંમતનો શેર રૂ. ૮૯૦માં ખરીધો અને તેના પર સ્ટેમ્પ ફી, દલાલી વગેરેના રૂ.૧૦ ચૂકવ્યા હોય તો તેની મૂડી કિંમત રૂ. ૯૦૦ ગણાય

# બજાર કિંમત ( Market Price )

હિસાબી વર્ષના અંતે હિસાબો તૈયાર કરીએ ત્યારે શેરનો ભાવ બજારમાં રૂ ૯૮૦ હોય તો તે દિવસે રૂ. ૯૮૦ તેની બજાર કિંમત ગણાય.

# દલાલી ( Brokerage )

જામીનગીરી ના સોદા શેર દલાલ મારફતે જ થાય છે . માટે શેર દલાલ ને દલાલી આપવી પડે છે. તેથી ખરીદતી વખતે ખરીદકિંમતમાં દલાલી ઉમેરીને મૂડીકિંમતના ખાનામાં લખાય છે. જયારે વેચાણ કરવામાં આવે ત્યારે દલાલ દલાલી ની રકમ કાપી લેછે તેથી વેચાણ વખતે દલાલીની રકમ વેચાણકિંમત માંથી દલાલી બાદ કરીને જે રકમ આવે તે મૂડીકિંમતના ખાનામાં લખાય છે.

દલાલીની રકમ ખરીદી અંગે ચુકવવાની રકમ કે વેચાણની કુલ ઉપજ પર ગણાય છે. અથવા દાખલામાં આપેલ સુચના મુજબ દાર્શનિક કિંમત પર પણ ગણાય છે.

# વ્યાજ સહીત ખરીદ વેચાણ
# ( Cum- interest )

જયારે વ્યાજ સહીત ખરીદ વેચાણ થાય ત્યારે જામીનગીરીની ખરીદ કિંમત કે વેચાણ કિંમત માં વ્યાજ નો સમાવેશ થયેલ હોય છે. માટે મૂડી કિંમત શોધતાં વ્યાજની રકમ બાદ કરવામાં આવે છે. વ્યાજ ચુકવવાની પાછલી તારીખથી સોદાની તારીખ સુધીનું વ્યાજ ગણવામાં આવે છે.

# વ્યાજ રહિત( બાદ ) ખરીદ વેચાણ
# Ex-interest

જયારે વ્યાજ બાદ ખરીદ વેચાણ હોય ત્યારે જામીનગીરી ની ખરીદ કિંમત કે વેચાણ કિંમત માં વ્યાજનો સમાવેશ થયેલ હોતો નથી એટલેકે મૂડીકિંમત શોધતાં વ્યાજ બાદ થશે નહિ . માટે ખરીદ કિંમત કે વેચાણ કિંમત જ તેની મૂડીકિંમત ગણાય .

# Fifo (ફીફો) first in first out

## ( પહેલા ખરીદેલી જામીનગીરી પહેલા વેચાય )

જયારે જામીનગીરી નું ખરીદ વેચાણ થતું હોય ત્યારે જામીનગીરીનું વેચાણ કરવામાં આવે ત્યારે પ્રથમ ખરીદેલ જામીનગીરી નું વેચાણ થાય .

દા.ત ૧.૪.૨૧ ના રોજ ૧૦,૦૦૦ ની જામીનગીરી તેમજ બીજી જામીનગીરી ૧.૬.૨૧ ના રોજ ૨૦,૦૦૦ ની ખરીદી હોય. હવે ૧.૭.૨૧ ના રોજ ૧૫,૦૦૦ ની જામીનગીરી નું વેચાણ કરવામાં આવેલ હોય તો , પ્રથમ ૧.૪.૨૧ ની ખરીદે પૈકી ૧૦,૦૦૦ નું વેચાણ થછે , જયારે બાકીની ૫,૦૦૦ ની જાનીનગીરી નું વેચાણ ૧.૬.૨૧ ના રોજ ખરીદી પૈકી નું થછે. માટે વર્ષના અંતે આખરસ્ટોક ૧૫,૦૦૦ નો રહેછે. જે ૧.૬.૨૧ ની ખરીદી પૈકી નો હછે.

# Lifo (લીફો) last in first out
# છેલ્લા ખરીદેલી જામીનગીરી પ્રથમ વેચાય

જયારે જામીનગીરી નું ખરીદ વેચાણ થતું હોય ત્યારે જામીનગીરીનું વેચાણ કરવામાં આવે ત્યારે છેલ્લી ખરીદેલ જામીનગીરી નું વેચાણ પ્રથમ થાય .

દા.ત ૧.૪.૨૧ ના રોજ ૧૦,૦૦૦ ની જામીનગીરી તેમજ બીજી જામીનગીરી ૧.૬.૨૧ ના રોજ ૨૦,૦૦૦ ની ખરીદી હોય. હવે ૧.૭.૨૧ ના રોજ ૧૫,૦૦૦ ની જામીનગીરી નું વેચાણ કરવામાં આવેલ હોય તો , પ્રથમ ૧.૬.૨૧ ની ખરીદે પૈકી ૧૫,૦૦૦ નું વેચાણ થછે ,માટે વર્ષના અંતે આખરસ્ટોક ૧૫,૦૦૦ નો રહેછે. જે ૧.૬.૨૧ ની ખરીદી પૈકી નો ૫,૦૦૦ અને ૧.૪.૨૧ ની ખરીદી પૈકીનો ૧૦,૦૦૦ એમ કુલ ૧૫,૦૦૦ નો આખરસ્ટોક રહેછે.